ક્રમાંકઃધ/અ.૩/વશી-........../ર.ઉ.ના.સ./................../૨૦૧૬/

કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.   /   /૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિ...................................

**વિષયઃ- ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબત.**

**સ્વ.કર્મચારીનું નામઃ-**.........................................................................................................
**સ્વ.કર્મચારીના આશ્રિતનું નામઃ-**..............................................................................................
**શાળાનું નામઃ-**...........................................................................................................................

**સંદર્ભઃ- આપશ્રીના પત્રાંકઃ**........................., **તા**..............................**થી રજુ થયેલ દરખાસ્ત અન્વયે તેમજ અત્રેના પત્રાંકઃ**.........................**તા**.............................**અન્વયે.**

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના જિલ્લાના તાબા હેઠળની ઉકત દર્શાવેલ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના કર્મચારીની રહેમરાહે ઉચ્ચક નાણાકીય સહાયની રજુ થયેલ દરખાસ્તની ચકાસણી તેમજ ખરાઇ કરતા નીચે દર્શાવેલ વિગતેની પૂર્તતા કરવા અર્થે અસલ દરખાસ્ત પરત કરવામાં આવે છે.

1. શાળાનું નામ અને પ્રકાર જેવી કે, ગ્રાન્ટેડ કે નોન ગ્રાન્ટેડ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. જેના આધાર તરીકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો મંજુરીનો પત્ર, અત્રેની કચેરીનો વર્ગ વધારાની મંજુરીનો પત્ર, નિભાવ ગ્રાન્ટના આદેશની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સામેલ રાખવામાં આવેલ નથી.(કોઇપણ એક)
2. અવસાનની તારીખના આધાર તરીકે મરણનું પ્રમાણપત્ર અસલમાં રજુ કરવું.
3. સ્વર્ગસ્થ કર્મચારીની જન્મ તારીખના આધાર તરીકે એલ.સી.ની પ્રમાણિત નકલ રજુ કરવી.
4. સ્વર્ગસ્થ કર્મચારી નોકરીમાં જોડાયા તારીખ તેનો આધાર તરીકે બહાલીની નકલ અને સર્વિસબુકમાં કરવામાં આવેલ નિમણૂક તથા પગારધોરણની નોંધ સાથેની પ્રમાણિત નકલ રજુ કરવી. (કોઇપણ એક)
5. સ્વર્ગસ્થ કર્મચારીએ કરેલ નોકરીનો સમયગાળો તેમજ અવસાન બાદ કેટલી નોકરી બાકીમાં છે તે વર્ષ, માસ અને દિવસનું એનેક્ષર-A સામેલ રાખેલ નથી. (નિયત નમુનામાં એનેક્ષર-A સામેલ છે.) જે અવશ્ય ભરવાનું રહેશે. જેથી કરીને બાકી નોકરીનો સમયગાળો નિયત થયે ચુકવવાપાત્ર રકમ નકકી કરી શકાય.
6. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ મુજબ ખરેખર મળવાપાત્ર ઉચ્ચક નાણાકીય રકમ દર્શાવવામાં આવેલ નથી.

7. સ્વર્ગસ્થની ભરતી માન્ય ભરતી પ્રક્રિયા મુજબ થયા અંગેનું આચાર્યશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી મેળવેલ પ્રમાણપત્ર સામેલ નથી. (નિમણૂક હુકમસામેલ રાખવો)
8. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી તરફથી ફાળવવામાં સ્વર્ગસ્થશ્રીનો જી.પી.એફ.નંબર તથા એમપ્લોઇમેન્ટ નંબરના પત્ર/આદેશની નકલ સામેલ નથી. જી.પી.એફ.કપાતની છેલ્લી સ્લીપ અને કપાત સીડયુલની નકલ સામેલ નથી.
9. સ્વ.કર્મચારીના કટુંબનું સંબંધિત સત્તાધિકારીશ્રી દ્વારા કરવામાં પેઢીનામું અસલમાં રજુ કરવું.
10. સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવની શરત નં.(૩) મુજબ જો આશ્રિત દત્તક હોય તો હિન્દુ એડપ્શન એકટ-૧૯૫૬ હેઠળ દત્તક નિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાનના આધાર તરીકે નોટરી સમક્ષ કરેલ સોગંદનામું સામેલ રાખવું.(જો આશ્રિત પોતે જ અરજદાર હોય તો લાગુ પડતુ નથી કે રજુ કરવાનું થતુ નથી.)
11. સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવની શરત નં.(૫) મુજબ સ્વર્ગસ્થ કર્મચારીના પતિ/પત્નિ કઇ સંસ્થામાં ફરજ બજાવે છે ? જો ના તો તે મતલબનું નોટરી સમક્ષ કરેલ સોગંદનામું અસલમાં રજુ કરવું.
12. સ્વર્ગસ્થના કુટુંબના જે સભ્યએ આયોજના હેઠળ નાણાકીય સહાય ચુકવવાની માંગણી કરેલ છે ? તેઓને કટુંબ પેન્શન માટે પાત્ર ગણવામાં આવેલ તેવા આધારો જેવા કે, ડી.પી.પી. કચેરીના પી.પી.ઓ.નંબરનો મંજૂરી આદેશ અને નાણા વિભાગના તા.૨૩/૦૬/૨૦૦૦ના ઠરાવ મુજબ જે તે સમયે રજુ કરેલ નોમીનેશનની નકલ સામેલ નથી.
13. આ દરખાસ્ત સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ બાદની કે પહેલાની છે તે અંગેનું આચાર્યશ્રીના પ્રમાણપત્રમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી મેળવી તારીખ દર્શાવી રજુ કરેલ નથી. (જો અવસાન ઠરાવ થયાની તારીખ બાદ થયેલ હોય તો પ્રશ્ન રહેતો નથી. અન્યથા સ્પષ્ટતા અવશ્ય કરવાની રહેશે.)
14. આ દરખાસ્ત તા.૦૫/૦૭/૨૦૧૧ પહેલા ખાતાના વડા / શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય થયેલ નથી. તે અંગેનું જિશિઅશ્રીનું બાંહેધરીનું પ્રમાણપત્ર સામેલ રાખી તારીખ દર્શાવી રજુ કરવું.
(શાળા કક્ષાએથી રજુ કરવાનું થતું નથી.)
15. સમગ્ર દરખાસ્તની તા.૦૫/૦૭/૨૦૧૧ના ઠરાવ મુજબ ચકાસણી કર્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો આશ્રિત અરજદારશ્રીને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગેનો સ્પષ્ટ અભિપ્રાય સાથે અંને સહાયની રકમ ચુકવવાની ભલામણ અંગેનું પ્રમાણપત્ર તારીખ સાથેનું સામેલ રાખવું. (શાળા કક્ષાએથી રજુ કરવાનું થતું નથી.)
16. અરજદાર સિવાય સ્વ.ના અન્ય આશ્રિતોનું રૂા.૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ઉચ્ચક નાણાકીય લાભો ચુકવવા કોઇ પણ જાતનો વાંધો નથી તે અંગેનું નોટરી સમક્ષ કરવામાં આવેલ સોગદનામું અસલમાં રજુ કરવું.
17. દરખાસ્તમાં શરૂઆતથી રજુ કરેલ તમામ રેકર્ડને પાના નંબર આપવા તથા તે પાના નંબર ચેકલીસ્ટમાં લાગુ પડતા કોલમમાં અવશ્ય દર્શાવવામાં આવેલ નથી. જે અચુક દર્શાવવા.
18. અરજદારનું પુરૂ નામ અને હાલનું સરનામું સંસ્થાના લેટરપેડ ઉપર આપવામાં આવેલ નથી.
19. આશ્રિત અરજદારશ્રીને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગેનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય તેમજ ભલામણ અંગેનો તારીખ દર્શાવી પત્ર સામેલ નથી.
20. સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૨૦૧૧ના ચેકલીસ્ટના રજુ કરેલ તમામ આનુષાંગિક રેકર્ડના આધારોમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સહી મેળવવી.

21. પતિ-પત્ની બંને સરકારી કર્મચારી હોય અને તે પૈકી કોઇપણ એકનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થયેલ હોઇ, સહાયની રકમ સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવની શરત નં.(૪) મુજબ સહાયની રકમ મેળવવા અરજદાર હક્કદાર બનતા નથી.

22. સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવની શરત નં.(૬) મુજબ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક આપવા અંગેની સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવ અગાઉની યોજના અન્વયે જે કેસોનો અત્રેની કચેરી કે સરકારશ્રીના શિક્ષણ વિભાગ કક્ષાએથી અસ્વીકાર કરવામાં આવેલ હોઇ, સદર રજુ થયેલ કેસમાં પુનઃવિચારણા કરવાની ન હોઇ, દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. અને દફ્તરે કરવામાં આવે છે.

23. સ્વ.કર્મચારીના આશ્રિત અરજદારની પ્રથમ વખત જ ઉચ્ચક નાણાકીય સહાયની શાળા કક્ષાએથી રજુ થયેલ દરખાસ્ત અગાઉ મંજુર કરવામાં આવેલ નથી કે નાણાની ચુકવણી કરવામાં આવેલ નથી અને જે તમામ રેકર્ડની મેં જાતે ચકાસણી કરેલ છે. જેની ખાતરી કરતા બરાબર માલુમ પડેલ છે. તે અંગેનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવું.
(શાળા કક્ષાએથી રજુ કરવાનું થતું નથી.)

24. દરખાસ્તની ચકાસણી કરતા તેમજ અવસાનની તારીખ જોતા સા.વ.વિ.ના તા.૦૫/૦૭/૧૧ના ઠરાવ પહેલાની હોય આ અંગે અગાઉની યોજના અન્વયે નિમણૂક મળવા બાબતે અત્રેની કચેરી કે સરકારશ્રીમાં રજુઆત કરેલ હોય અને જેનો નિર્ણય કરવામાં આવેલ હોય તો તે તમામ પત્ર વ્યવહારની નકલ સહ સામેલ રાખેલ નથી. (જે રજુ કર્યેથી ઝડપી નિર્ણય કરી શકાય)

25. પેઢીનામામાં અને સોગંદનામામાં જેટલા વારસદારો દર્શાવવામાં આવેલ હોય તે તમામ વારસદારોના ફોટા સાથેનું એફીડેવિટ રજુ કરવાનું રહેશે.

26. અવસાનનું પ્રમાણપત્ર / પેઢીનામું અને જિશિઅશ્રી કક્ષાએથી રજુ કરવાના થતા (૦૩)ત્રણ પ્રમાણપત્રો અસલમાં જ રજુ કરવા. અને ચેકલીસ્ટમાં "સામેલ છે" તેવા શબ્દોનો પ્રયોગ કરવો નહીં તમામ કોલમમાં તારીખો અવશ્ય દર્શાવવી જેથી કરીને અરજદારશ્રીને ઝડપી નાણાની ચુકવણી કરી શકાય.

(૧) નોંધ પર માન.સં.શિ.નિ.શ્રી(માધ્યમિક)ના મળેલ આદેશાનુસાર,

(૨) નોંધ પર માન.સં.નિ.શ્રી(હિસાબ)ના મળેલ આદેશાનુસાર,

આપનોવિશ્વાસુ,

શ્રેયાન અધીક્ષક
માધ્યમિક શાખા

બીડાણઃ-અસલ દરખાસ્ત પરત.

નકલ રવાનાઃ-
- આચાર્યશ્રી,......................................................................
- આશ્રિત અરજદારશ્રી,..............................................................

..............................................................................